# વાહનચાલકો પાસેથી માસ્ક સિવાયના અન્ય કોઈપણ પ્રકારના દંડની હાલ વસૂલાત નહીં થાય

## મંત્રી મંડળની બેઠકમાં યોગેશ પટેલ સહિતના મંત્રીઓની રજૂઆત બાદ મુખ્યમંત્રી રૂપાણીની સૂચના

**નવગુજરાત સમય** > ગાંધીનગર

રાજ્યમાં એકતરફ કોરોનાના કારણે ધંધા-રોજગાર ઉપર માઠી અસર પડી છે ત્યારે મહાનગરો સહિત રાજ્યમાં પોલીસ દ્વારા વાહન ચાલકો પાસેથી અલગ અલગ ગુનાઓ બતાવી દંડ વસૂલવાની ઝુંબેશ શરૂ કરાતા લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. જેની રજૂઆત કેટલાક મંત્રીઓ દ્વારા મંત્રી મંડળની બેઠકમાં કરાઇ હતી. જેને પગલે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ હાલ માસ્ક ન પહેર્યું હોય તે સિવાયના વાહનને લગતા કોઇપણ ગુનામાં કલમ નહીં લગાવવા, દંડ નહીં વસૂલવા માટે સંબંધિત તંત્રને સૂચના આપી હતી.



રાજ્યકક્ષાના નર્મદા અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી યોગેશ પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગર ખાતે મળેલી મંત્રી મંડળની બેઠકમાં મેં તથા અન્ય મંત્રીઓએ વડોદરામાં ટુ વ્હીલર અને ફોર વ્હીલર વાહનોને આપવામાં આવતા મેમા બાબતે ચર્ચા કરવામાં આવી હતી. પોલીસ દ્વારા દ્વીચક્રી વાહનચાલકોને ૩થી ૪ હજાર જેટલો દંડ અને ફોર વ્હીલરના ચાલકોને ૮થી ૧૦ હજાર રૂપિયાના દંડ ભરવાના થાય છે તેમ પોલીસ દ્વારા કહેવામાં આવતું હોય છે. તે સાથે વાહન ડિટેઇન કરી લેવાય તો અઠવાડિયા સુધી છૂટતા પણ નથી. વાહન માલિકોએ ભરગરમીમાં અને કોરોનાના માહોલમાં આરટીઓની લાંબી લાઇનમાં ઉભા રહેવું પડે છે. વાહનો જપ્ત કરી લેવામાં આવે તો વાહન માલિકોને કોરોના મહામારીમાં હોસ્પિટલમાં આવવા-જવા તેમજ દર્દીઓને હોસ્પિટલ સુધી લઇ જવા તેમજ અન્ય કામમાં પણ પારાવાર મુશ્કેલી પડે છે.

નવગુજરાત સમય Fri, 23 April 2021
https://epaper.navguj